**Volume-5, Issue-01, January 2018** **ISSN: 2349-7637 (Online)**

# RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)

Research Paper

Available online at: www.rhimrj.com

# દુર્ગા સપ્તસતી શક્તિ આરાધનાનું માહાત્મ્ય

**ડૉ. વનરાજસિંહ ચાવડા**

**એમ.એ., પી.એચ.ડી.**

---

## ૧.૧ પ્રસ્તાવના

ભારતમાં ચાર વેદો, અઢાર પુરાણો, દર્શનશાસ્ત્રો અને અન્ય શાસ્ત્રોનું આગવું મહત્વ છે. માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સંસ્કૃતમાં રચાયેલા ગ્રંથોનું મહત્વ જોવા મળે છે. લોકોને આ ગ્રંથો પર અતિ વિશ્વાસ અને શ્રધ્ધા પણ છે. ભારતએ વિવિધ તહેવારો અને ઉત્સવોનો દેશ છે. ભારતમાં અનેક ધાર્મિક તહેવારો જેવા કે દિવાળી, હોળી, નવરાત્રી, શિવરાત્રી, વસંતપંચમી, નાગપંચમી વગેરે શ્રધ્ધા રાખીને ઉજવવામાં આવે છે. આમ તો શાસ્ત્રો પ્રમાણે રક્ષાબંધન, નવરાત્રી, દિવાળી અને હોળી અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને ક્ષુદ્રના તહેવારો છે. આ તહેવારો દરેક ભારતીય પોતાની શક્તિ અને શ્રધ્ધા પ્રમાણે ઉજવે છે. નવરાત્રીમાં ક્ષત્રીયો શક્તિની ઉપાસના કરે છે અને બ્રાહ્મણો પણ અનુષ્ઠાન કરે છે. અનુષ્ઠાન આઠ કે નવ દિવસનું હોય છે. અને તેમાં જગતજનની, મંગલકરણી, દુઃખહરણી, ભગવતી આદ્યશક્તિ માં અંબાને રીજવવા અને એની કૃપા મેળવવા ''દુર્ગા-સપ્તશતી'' નો પાઠ કરે છે. ''દુર્ગા-શપ્તશતી'' માં કુલ ૧૩ અધ્યાય છે અને અધ્યાય ઉપરાંત વિવિધ સ્તોત્રો જેવા કે દેવીસૂક્ત, દેવ્યપરાધક્ષમાપનસ્તોત્ર, તંત્રોક્ત રાત્રિસૂક્ત, વેદોક્ત રાત્રિસૂક્ત, દેવીઅથર્વશીર્ષ, દેવીકવચ, કુંજીકાસ્તોત્ર વગેરે જેવાં અનેક સ્તોત્રો આપેલા છે અને દરેક સ્તોત્રની આગવી વિશેષતા છે.

## ૧.૨ શક્તિ આરાધનાનું માહાત્મ્ય : ''દુર્ગા-સપ્તશતી''

સનાતન શક્તિ ઉપાસના-આરાધના કરતાં જનસમૂદાયમાં ''દુર્ગા સપ્તશતી''નું ઘણું માહાત્મ્ય છે. આ ગ્રંથ મૂળમાં તો ''માર્કણ્ડેય પુરાણ'' ના ૮૧ થી ૯૩ અધ્યાયમાં વર્ણવેલ દેવીમાહાત્મ્ય જ ''સપ્તશતી'' (ચંડીપાઠ) નામે પ્રસિદ્ધ છે. આમાં ૭૦૦ શ્લોકો છે, તેથી સ્તોત્ર 'સપ્તશતી' કહેવાય છે. ભગવદ્ગીતામાં પણ ૭૦૦ શ્લોકો છે અને શ્રીકૃષ્ણકેન્દ્રમાં છે, તેવી રીતેજ સપ્તશતીમાં ભગવતી કાલિકા કે અંબિકા કેન્દ્રમાં છે. સપ્તશતીનાં લેટિન, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, બંગલા વગેરે અનેક ભાષાઓમાં ભાષાંતર તથા વિવેચનો થયાં છે, જે સપ્તશતની લોકપ્રિયાતા સૂચવે છે. આ સપ્તશતી ઉપર નાની મોટી અનેક ટીકાઓ લખાઈ છે. તેમાં સાત ટીકાઓ મુખ્ય છે.


દુર્ગા-સપ્તશતી-દેવી માહાત્મ્યમાં પરા શક્તિનાં વિવિધ સ્વરૂપોનું વર્ણન છે. 'શક્તિ'માં **'ज्ञ'** ઐશ્વર્ય વાચક છે અને **'क्तिं'** પરાક્રમ વાચક છે. દેવી ઐશ્વર્ય અને પરાક્રમ સ્વરૂપા હોવાથી તથા તે બંને આપનારા હોવાથી તેમને 'શક્તિ' કહેવામાં આવે છે. રૂ જ દેવી 'પ્રકૃતિ' નામે પણ વિખ્યાત છે. પ્રકૃતિમાં **'प्र'**નો અર્થ શ્રેષ્ઠ, પ્રકૃષ્ટ એવો થાય છે, અને **'कृति'** નો અર્થ સૃષ્ટિ છે. તેથી સૃષ્ટિમાં જે સર્વોત્તમ છે તે પ્રકૃતિ કહેવાય છે.

વિશ્વની મૂળભૂત દેવી શક્તિ 'દુર્ગા' છે, તેમનું ચરિત્ર ગુણ, પ્રભાવ મુશ્કેલીથી સમજી શકાય છે. દુર્ગાનો એક અર્થ **'दुःखशेया'** એવો થાય છે. આ જ શક્તિ વેદોમાં આદિતિ, ઈડા, વાક્રૂપે વિખ્યાત છે. શક્તિનું દાર્શનિક સ્વરૂપ શાક્ત ઉપનિષદોમાં વિશેષતઃ દેવ્યથર્વશીર્ષમાં વર્ણવેલ છે.

આ સર્વવ્યાપક શક્તિની આરાધના વિદેશોમાં પણ એક યા બીજા નામે - સ્વરૂપે પ્રચલિત છે. રોમમાં 'મિનર્વા'ની ઉપાસના થાય છે, જે ભારતનાં 'સરસ્વતી' દેવી જેવાં છે. 'વેસ્ટા' દેવી ભારતનાં લક્ષ્મીજી જેવાં છે, 'અન્નપેરેન્ના' દેવી અન્નપૂર્ણાજી જેવા છે. બૌદ્ધ ધર્મમાં વજ્રાવારાહી, તારા અને જૈનોમાં પદ્માવતી દેવી એ શક્તિની જ આરાધના છે.



**સપ્તશતિ હસ્તપ્રત**





દુર્ગા-સપ્તતીમાં ત્રણ ચરિતો નિરૂપિત છે. એમાં પ્રથમ ચરિતમાં મધુ-કૈટભ નામનાં બે દૈત્યનો નાશ (પ્રથમ અધ્યાય), મધ્ય ચરિત્ (અધ્યા. ૨ થી ૪)માં મહિષાસુરનો વધ અને શક્રાદિ સ્તુતિ, તથા ઉત્તમ ચરિત્ર (અ. ૫ થી ૧૦)માં મહાશક્તિએ કરેલા ધુમ્રલોચન, ચંડ-મુંડ, રક્તબીજ, નિશુંભ અને શુંભ દૈત્યોના વધનું અને મહાશક્તિના વિજયનું વર્ણન છે. ૧૧મા અધ્યાયમાં દેવોએ કરેલ નારાયણીની સ્તુતિ, ૧૨મા અધ્યાયમાં મહાશક્તિ પરામ્બાએ ધારણ કરેલ અવતારો અને અર્ચન વિધિ વગેરે આવે છે, અને છેલ્લા અધ્યાયમાં શત્રુઓથી પરાજિત થયેલા સુરથ નામના રાજાએ તથા પોતાના પરિવારે જ કારવી મૂકેલો હોવાથી ભારે નિર્વેદ પામેલા સમાધિ નામના વૈશ્યે જગદંબાની આરાધના કરી જે વરદાન પ્રાપ્ત કર્યાં તેનું વર્ણન છે. જગદંબાનું આ સમસ્ત ચરિત સુરથ અને સમાધિને મહર્ષિ મેધાએ કહી સંભળાવ્યું છે.

મહિષાસુર વધના પ્રસંગ : અસુરથી પરાજિત થયેલો દેવો બ્રહ્માની આગેવાનીમાં વિષ્ણુ અને શિવ પાસે જાય છે. ત્યાં સર્વદેવોના શરીરમાંથી તેજ પ્રગટ થાય છે, અને બધા તેજથી એક દિવ્ય નારીનો આકાર પ્રગટે છે. વળી દેવોનાં વિવિધ આયુધો પણ તે શક્તિને આપવામાં આવે છે. મહાદેવી સિંહ ઉપર આરૂઢ થયેલાં, હજારો ભુજાઓથી ચારે દિશાઓમાં વ્યાપ્ત થયેલાં, એ પછી યુદ્ધ શરૂ થાય છે. મહિષાસુર પોતાના અસંખ્ય દૈત્ય સૈનિકો સાથે ચિક્ષુર, ચામર, ઉદગ્ર, કરાલ, બાષ્કલ, તામ્ર, અન્ધક, અતિલોભ, ઉગ્રાસ્ય, ઉગ્રવીર્ય, મહાહનુ, બિડાલાસ્ય, દુર્ધર, દુર્મુખ, જેવા ચૌદ સેનાપતિઓને મહાશક્તિ સામે યુદ્ધ માટે મોકલે છે. મહાદેવી તેમનો વિનાશ કરે છે, આખરે મહિષાસુર પોતે યુદ્ધ માટે જાય છે, અને તેનો પણ સંહાર કરે છે.

આ મહિષાસુર-સંહારની કથાને આધુનિક યુગના સંદર્ભમાં મૂલવીએ તો તેમાંથી રાષ્ટ્રીય, સામાજિક અને આધ્યાત્મિક અર્થઘટન પ્રાપ્ત થાય છે. દુર્ગા-મહાશક્તિ એક રાષ્ટ્ર શક્તિ કહો કે ભારત માતા કહો, તેનું સ્વરૂપ છે. વ્યક્તિઓનું સંગઠન ધરાવતું રાષ્ટ્ર જ્યારે સિંહના જેવું ઓજસ્વી બલ ધરાવે છે. ત્યારે તેના ઉપર રાષ્ટ્ર શક્તિ-દુર્ગાની કૃપા કરે છે. કોઈ પણ સમાજની શક્તિઓ જો છૂટી છવાઈ, વરેણ-છરેણ જાય છે તો તે ભલે દેવો હોય તેમનો પણ પરાજય થાય છે; પણ એ બધી શક્તિ, જ્યારે સામૂહિક રૂપમાં સંગઠિત બને છે, હજારો બાહુથી યુક્ત બને છે ત્યારે આસુરી શાસનને પરાજિત કરી શકાય છે. અન્યાય, દુરાચાર, ભ્રષ્ટાચારનો સામનો કરી શકાયછે. જ્યારે ભારતમાતા વિદેશીય આક્રમણ કે શાસનના પ્રભાવ નીચે હતી, ત્યારે એક નવી શક્તિ શહીદો, રાષ્ટ્રવીરો, સત્યાગ્રહીઓ રાષ્ટ્રના કર્ણધારોમાં પ્રગટ થઈ, અને હજારો હાથ ધરાવતી શક્તિએ "**संघे शक्तिः कलौ युगे**" સૂત્ર અનુસાર વ્યાપક રૂપ લઈ, આખરે ગુલામના મહિષાસુરનું દલન કર્યું.

આ કથાને આધ્યાત્મિક અર્થમાં જોઈએ તોઃ મહિષાસુર કામતત્ત્વ છે. કામ- આસક્તિથી જેમનું ચિત્ત ખેંચાયેલું છે તેવાઓની બુદ્ધિ સમાધિમાં લાગી શકતી નથી. જેમ સાત દ્વન્દ્વ- ૧. સુખ-દુઃખ, ૨. પ્રિય-અપ્રિય, ૩. નિંદા-આત્મસંસ્તુતિ, ૪. માન-અપમાન, ૫. મિત્ર-શત્રુ, ૬. શીત-ઉષ્ણ યા હર્ષ અને વિષાદ, ૭. લોષ્ઠ-અશ્મ એમ ચૌદ ભાવ દર્શાવ્યા છે. જેનું સપ્તશતીમાં ચૌદ દૈત્યોના રૂપમાં વર્ણન છે. ઈચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થયેલા મોહને લીધે સર્વે પ્રાણીઓ અવિવેકને પામે છે. તેથી સાધકે આ ૧૪ વિકારો ઉપર સંયમ વિજય મેળવવો જોઈએ.

રામજી સાવલિયા પોતાનાં એક લેખમાં જણાવે છે કે શુંભ અને નિશુંભના પ્રસંગને સામાજિક દષ્ટિએ મૂલવીએ તોઃ કોઈ પણ રાજ્યતંત્ર ભલે પૂર્ણ પણે સાધનસંપન્ન હોય, કોશ, સૈન્ય આદિ બળથી યુક્ત હોય, પણ જો તે આસુરી બળથી યુક્ત હોય તો ત્યાં આધ્યાત્મિક શાંતિ હોતી નથી. વળી અહંતા અને મમતા પૂર્ણ તંત્રમાં કામ-ક્રોધ-બલ-દર્પ વગેરે હોય તો માણસનું કલ્યાણ થઈ શકતું

નથી. તેથી સાધકે દિવ્ય મહાશક્તિની આરાધના માટે તત્પર રહેવું જોઈએ.

## ૧.૩ ઉપસંહાર

આમ, સમગ્ર વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં દુર્ગા-સપ્તશતીનું વિશેષ મહત્વ છે. દરેક વર્ણના લોકો પોતાની ધાર્મિક આસ્થા અને શ્રધ્ધા પ્રમાણે કોઇ ને કોઇ દેવ દેવીની ઉપાસના કરે છે અને તેમાં ધાર્મિક વિધિઓમાં દુર્ગા-સપ્તશતીના શ્લોકોનું ગાન કરે છે.

## સંદર્ભ સૂચી

રામજી સાવલિયા, નવરાત્રિ મહોત્સવ-૨૦૧૯ (અપ્રગટ લેખ)

પી. સી. પરીખ ''શક્તિ પૂજા અને શાક્ત સંપ્રદાય''

મંજુલા મહેતા, ગુજરાતનાં વ્રતો, ઉત્સવો મેળાઓ, રામજી સાવલિયા, ગણેશ-ગણપતિ પૂરોવચન (અપ્રગટ લઘુ નિબંધ)